**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૨ ટકા ● સાંજે ૨૦ ટકા

# શહેરમાં કેસર કેરીનો વેપાર પુર બહારમાં ખીલ્યો...!!

## કેસર કેરીના રસિયાઓ માટે લોકડાઉન-૪ ફળ્યું : બજારમાં કેસર કેરીનો માલ વધ્યો : લોકડાઉન સ્થિતિમાં કેસર કેરીનો 'સાઈડ બીઝનેસ' કરનારા પણ વધ્યા : સોશ્યલ મિડીયા પર કેટલાંક સરકારી કર્મચારીઓ પણ કેસર કેરી વેચી રહ્યા છે

ગાંધીનગર, તા.૨૧

લોકડાઉન-૪માં છુટછાટો મળવા સાથે બજારો ખુલતાં વાતાવરણ થોડું હળવું થવા પામ્યું છે અને તે સાથે ઉનાળાની કેરીની સીઝન માણવા નાગરિકો તલપાપડ બન્યા છે. બજારમાં કેસર, બદામ સહિત કેરીની વિવિધ જાતો ઉપલબ્ધ થવા લાગી છે પરંતુ કેરીના ભાવોમાં થોડો ઘણો વધારો જોવા મળી રહ્યો છે. કેસર કેરીની માંગમાં વધારો થયેલો જોવા મળી રહ્યો છે અને સોશ્યલ મિડીયા પર પણ ગીરના તલાલા તથા કચ્છની કેસર કેરીનું માર્કેટીંગ કરતા અસંખ્ય મેસેજીસ વાઈરલ થઈ રહ્યા છે જેમાં કેટલાકમાં હોમ ડિલીવરીના વિકલ્પ પણ ઓફર કરવામાં આવી રહ્યા છે.

ગાંધીનગરમાં કેસર કેરીના રસિયા છેલ્લા કેટલાક સમયથી નિરાશ હતા પરંતુ હવે લોકડાઉન-૪માં હળવા થયેલા નિયમો તેમજ બજારો શરૂ કરવા મળેલી છુટછાટના કારણે બજારમાં કેસર કેરીનો સ્ટોક પણ મોટા પ્રમાણમાં આવી ગયો છે જેથી કેસર કેરીના રસિયાઓ આનંદમાં છે. બીજી તરફ અમદાવાદ સહિત રાજયભરમાં શાકભાજીના અનેક ફેરિયા






તથા વિતરકો કોરોના પોઝિટીવ આવ્યા હોવાથી કેટલાક પરિવારો છુટક શાકભાજી ખરીદવા અંગે દ્વિધામાં મુકાયા છે તો અનેક પરિવારોએ કેસર કેરીની ખરીદી કરી થોડા સમય માટે શાકભાજી ખાવાનું મુલત્વી રાખવાનું પણ મુનાસિબ માન્યું છે.

જયાં સુધી બજારમાં કેસર કેરીનું આટલા મોટા જથ્થામાં આગમન થયું નહોતું ત્યાં સુધી બદામ કેરી પણ કેસરના ભાવે વેચાતી હતી પરંતુ હવે તેની માગમાં ઓટ આવી છે. કેસર કેરીની માંગ અને લોકડાઉનની સ્થિતિ જોઈને કેટલાક નાગરિકોએ તો તેમના સૌરાષ્ટ્ર કનેકશનનો ઉપયોગ કરીને કેસર કેરીના વેપારનું વિચારી લીધું છે અને સોશ્યલ મિડીયા પર લાગતા વળગતા સગા સંબંધી, મિત્રો, સ્નેહીજનોને ફોન તથા મેસેજ કરી ઓર્ડર બુક કરવા લાગ્યા છે. ગાંધીનગરમાં જુના નવા બંને સચિવાલયમાં અનેક કર્મચારીઓ-અધિકારીઓએ પણ કેસર કેરી સપ્લાય કરવાનું કાર્ય શરૂ કરી દીધું છે અને કોવિડ-૧૯ની સ્થિતિનો લાભ ઉઠાવી ઓફિસ કામકાજ સાથે કેરીના વેપાર પર ધ્યાન આપી રહ્યા છે. વળી આ રીતે કેરીનો ઓર્ડર બુક કરાવનાર પણ એ કારણથી બુકીંગ કરાવી રહ્યા છે કે બજારમાંથી કોઈ સંક્રમિત ફ્રુટવાળા કે શાકભાજીવાળા પાસેથી કેરી ખરીદવાનું જોખમ લેવું તેના કરતાં જાણીતી વ્યકિત પાસેથી કેરી ખરીદવામાં જોખમ ઓછું રહેવાની શકયતા છે અને ભાવમાં પણ છેતરાવાનો ભય ઓછો રહે છે.

# આજે જૈવિક વિવિધતા દિવસ



ગાંધીનગર, તા.૨૧

આજે ૨૨ મે જૈવિક વિવિધતા દિવસ આપણા પર્યાવરણમાં અનેક જીવસૃષ્ટિ રહેલી છે. જેમકે જમીન પર વસવાટ કરતા જંતુ, પક્ષી, પાલતુ પ્રાણીઓ, વન્ય પ્રાણીઓ, દરિયાઈ જીવો અને વિવિધ વનસ્પતિઓ. વિશ્વમાં વિવિધ જીવો વસવાટ કરે છે જે અનેક પ્રકારે એકબીજા સાથે સંકળાયેલ હોય છે, અને એકબીજા ઉપર આધારિત છે ત્યારે સંપૂર્ણ વર્તુળ આ જીવ સૃષ્ટિ થકી પુરી થાય છે.

વનસ્પતિ દવાઓ અને પશુઓના ખોરાક તરીકે ઊપયોગી છે. પક્ષીઓ જેમ કે ગીધ એક પર્યાવરણ સફાઈ કામદાર કહેવાય છે. એવું લાગી રહ્યું છે કે, આવા પર્યાવરણના સાથીઓનો આપણી માનવ જાત અજ્ઞાનતાથી નષ્ટ કરી રહી છે.

ભાવી પેઢીને આ જીવોની વિવિધતાનું જ્ઞાન આપવુ જરૂરી છે નહી તો આ પર્યાવરણનું સંતુલન બગડી જશે અથવા તો બગડી ગયુ છે. જેની શરૂઆત આપણા ઘરમાંથી કરવાની નાના ચકલીના માળા બનાવી આપણી આસપાસ વસતા પક્ષીઓ, વનસ્પતિઓની જાણકારી આપણા બાળકોને ભાવિ પેઢીને આપીને કરી શકાય. આવો એક નાનો પ્રયત્ન અને ઈન્દ્રોડા પાર્કના મુલાકાતીઓને પર્યાવરણની જાળવણી વિશેનું જ્ઞાન આપવાનુ કાર્ય કુસુમબેન સુથાર કરી રહ્યા છે. મંદિરમાં મુકવામાં આવેલ ગરબાના માટલા એકઠા કરી પક્ષીઓના માળા બનાવી વહેંચવા અને મુંગા પ્રાણીઓની રક્ષા કરવી સેવા કરવી એમના જીવનનો ઉદ્દેશ્ય બની ગયો છે, તેઓનું ઘર એક નાનો ઈન્દ્રોડા પાર્ક તેમણે બનાવી દીધો છે. તેમના આ નાના પાર્કમાં આશરે ૨૦ જાતિના પક્ષીઓ આવે છે. ચકલીઓ એમના ઘરની સભ્ય બની ગઈ છે. તેઓ નગરજનોને અપીલ કરે છે કે, પ્રેરણા લઈ પર્યાવરણ બચાવવા નાનો ફાળો આપીએ ભાવિ પેઢીને સજાગ કરી વનસ્પતિઓ, પક્ષીઓ અને પ્રાણીઓથી જૈવિક વિવિધતાના દિવસે માહિતગાર કરીએ.

## સેકટર-૬ શ્રમિકોના ઝુંપડામાંથી યુવતિને ઉઠાવી જવાની ઘટનાને પગલે હોહા

ગાંધીનગર, તા.૨૧

શહેરમાં કોરોનાને પગલે લગભગ છેલ્લા બે મહિનાથી લોકડાઉનને લીધે ચોરી, લુંટફાટ, અપહરણ જેવી ઘટનાઓ બનતી ન હતી પરંતુ લોકડાઉન-૪માં થોડીક છુટછાટ મળતા જનજીવન ધબકતું થયું અને આ પ્રકારની ઘટનાઓ બનવાનું શરુ થઈ ગયું.

ગાંધીનગર શહેરના સેકટર-૬ ખાતેથી એક યુવતિને ઉઠાવી જવાની વાત ચર્ચાઈ રહી છે. જયારે યુવતિ ઝુંપડા વિસ્તારની હોવાનું સાંભળવા મળ્યું છે. મળતી વિગત મુજબ ઉનાળાની કાળઝાળ ગરમીમાં બુધવારની બપોરે સેકટર-૬ ના વસાહતીઓ આરામ કરી રહ્યા હતા. તે સમયે એક માલવાહક વાહન નજીકના શ્રમિક વિસ્તારમાં આવીને ઉભુ હતું. જેમાં અંદાજીત ૧૦ જેટલા માણસો હતા. ઝુંપડામાં રહેતી યુવતિ અને આવેલા માણસો વચ્ચે થોડીવાર રકઝક અને તકરાર બાદ અચાનક વાહનમાં બેસાડીને લઈ ગયા હતા. આ ઘટનાને પગલે હોહા થતા સ્થાનિક વસાહતીઓ દોડી આવ્યા હતા, પરંતુ તે પહેલા તે વ્યકિતઓ ભાગી ગયા હતા. આ ઘટના સેકટર-૬ ખાતે શ્રમિકોના ઝુંપડા આવ્યા છે તે વિસ્તારમાં બની હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

## માસ્ક વિના ફરતા મહિલા સામે દંડનીય કાર્યવાહી

ગાંધીનગર, તા.૨૧

કોરોનાના કોહરામ વચ્ચે લોકડાઉન-૪ માં કેટલીક છુટછાટ વેપાર-ધંધામાં આપવામાં આવી છે. સોશિયલ ડિસ્ટન્સ જાળવવુ, માસ્ક ફરજીયાત પહેરવુ, જાહેરમાં થુંકવુ નહી તેમ તંત્ર દ્વારા કહેવાયું છે. માસ્ક તેમજ જાહેરમાં થુંકશો તો જે તે વ્યકિત સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. તેમ છતા હજુ પણ કેટલાક નાગરીકો મોં પર માસ્ક પહેરતા નથી. ત્યારે ગુરુવારના રોજ સેકટર-૬ પેટ્રોલ પંપ પાસે એક મહિલાના મોં પર માસ્ક ના હોવા છતા દંડ ભરવા માટે પણ તૈયાર ન થતા આખરે પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સેકટર-૭ પોલીસ મથકના પીએસઆઈ ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સે-૬ પેટ્રોલ પંપ પાસે એક મહિલા માસ્ક વિના દેખાયા હતા. પોલીસે તેમનું નામ પુછતા સેકટર-૫ એ ખાતે રહેતા અમી રાજેશ સોની હોવાનું સામે આવ્યું હતું. પોલીસે દંડ ભરવાનું કહેતા મહિલાએ પૈસા નથી તેમ કહીને દંડની રકમ પણ ભરપાઈ કરવાની ના પાડી હતી. જેને પગલે પોલીસે મહિલા સામે સે-૭ પોલીસે જાહેરનામા ભંગ અને એપેડમીક ડિસીઝ એકટ હેઠળ ગુનો નોંધ્યો હતો.

### ચિરવિદાય

- સ્વ. હાર્દિક જીલુભાઈ ઉગ્રેચીયા, ઉ.વ. ૭
- સ્વ. કંકુબેન મેરૂભાઈ નાયક, ઉ.વ. ૭૬
- સ્વ. રબારી જીવણભાઈ માધાભાઈ, ઉ.વ. ૭૪
- સ્વ. વાઘેલા ભીખુસિંહ જસવંતસિંહ, ઉ.વ. ૪૫
- સ્વ. કનુજી હેમતુજી ભાટીયા, ઉ.વ. ૬૪




શહેરમાં ધીમે ધીમે તમામ વેપાર ધંધા શરૂ થઈ રહ્યા છે. કોરોના કટોકટી દરમિયાન સોશ્યલ મિડીયા પર અનેક પ્રકારના સાચા ખોટાં સંદેશા-વિડીયોઝ વાઈરલ થઈ રહ્યા છે. જેમાં બેકરીની ચીજવસ્તુ વાપરવામાં જોખમ હોવાનું જણાવતી કેટલીક પોસ્ટનો પણ સમાવેશ થાય છે. જો કે ગાંધીનગરમાં સેકટર-૨૧માં એક જાણીતી બેકરી આગળ લાગેલી ગ્રાહકોની આ લાઈન એ વાતનો છેદ ઉડાડે છે કે નાગરિકો સોશ્યલ મિડીયામાં વાઈરલ થતાં દરેક સંદેશને ગંભીરતાથી લે છે.

## ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારીએ તાલુકાના ૧૦ ગામોની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી શ્રી જી.એ.ધાંધલિયાએ આજે તાલુકાના દશ ગામોની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમ્યાન વિવિધ ગામોમાં ૧૨ વ્યક્તિઓ માસ્ક ન પહેરલા તેમની નજરે પડયા હતા. જેમને માસ્ક ન પહેરવા બદલ રૂપિયા ૨૦૦/- લેખે તે ૧૨ વ્યક્તિઓ પાસેથી સ્થળ પર જ કુલ- ૨૪૦૦ રૂપિયાનો દંડ તાલુકા વિકાસ અધિકારી શ્રી જી.એ.ધાંધલિયાએ વસૂલ કર્યો હતો.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના વાયરસનું સંક્રમણ અટકાવા માટે માસ્ક પહેરવું જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલની સૂચનાથી ફરજીયાત કરવામાં આવ્યું છે. જે અંગેનું કડક પાલન કરવા માટે તમામ ગ્રામ પંચાયતના સરપંચશ્રીઓ અને તલાટીશ્રીઓને પણ જણાવવામાં આવ્યું હતું.



આજે ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી શ્રી જી.એ.ધાંધલીયાએ તાલુકાના લવારપુર, પ્રાંતિયા, પીરોજપુર, ચિલોડા(ડ), શિહોલી મોટી, હરિપુરા બોરીયા, દશેલા, લેકાવાડા અને ધરમપુર ગામની મુલાકાત લીધી હતી. તેમની આ મુલાકાત દરમ્યાન પ્રાંતિયા ગામમાં બે વ્યક્તિ, શિહોલી મોટી ગામમાં સાત વ્યક્તિ, દશેલા ગામમાં એક વ્યક્તિ અને ધરમપુર ગામમાં બે વ્યક્તિ મળી કુલ- ૧૨ વ્યક્તિઓ માસ્ક પહેરયા વિના તાલુકા વિકાસ અધિકારીશ્રીની નજરે ચઢી ગયા હતા. આ તમામ વ્યક્તિઓને માસ્ક કેમ પહેરવું તેની સમજી આપીને અગામી સમયમાં તેમને માસ્ક પહેરવાની યાદ રહે અને અન્ય ગ્રામજનોને માસ્ક પહેરવાની સૂચના યાદ રહે તે માટે આ વ્યક્તિઓ પાસે રૂપિયા ૨૦૦/- લેખે એટલે કે ૧૨ વ્યકતિઓ પાસેથી રૂપિયા ૨૪૦૦/-નો દંડ વસૂલ કર્યો હતો.

આ મુલાકાત દરમ્યાન તાલુકા વિકાસ અધિકારી દ્વારા તમામ ગામોમાં તલાટી કમ મંત્રીશ્રી અને ગામના આગેવાનોને લોકડાઉન – ૪ ની સમજ આપવામાં આવી હતી. તે ઉપરાંત ધરમપુર ગામે સરકારી નિયમોનું પાલન ન કરવા બદલ અને માસ્ક ન પહેરવા બદલ દુકાનદાર પાસેથી દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

## આજે ગાંધીનગર જિલ્લા ચોમાસુ-૨૦૨૦ પ્રિ-મોન્શુન પ્રિપેર્ડનેશની બેઠક જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લાની ચોમાસુ – ૨૦૨૦ પ્રિ-મોન્શુન પ્રિપેર્ડનેશની કામગીરી સંદર્ભે આજે તા. ૨૨મી મે, ૨૦૨૦ ના રોજ જિલ્લા કલેકટર શ્રી ડાૅ. કુલદીપ આર્યના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાશે.

આ બેઠકમાં આગામી ચોમાસુ- ૨૦૨૦ દરમ્યાન અચાનક વધુ વરસાદ આવે ત્યારે શું તકેદારી રાખવી, તે ઉપરાંત ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી વિવિધ નદીઓમાં અચાનક પાણીની માત્રા વધે ત્યારે શું તકદારી રાખવી, તમામ ગામોમાં સુરક્ષાવાળા સ્થળો નક્કી કરવા, તરવૈયાઓની યાદી તૈયાર કરવી, ફાયર બ્રિગેડની તૈયારીઓ, ઈમરજન્સી સંપર્ક નંબર જેવી વિવિધ બાબતોની ચર્ચા કરવામાં આવશે.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલ, જિલ્લા પોલીસ વડા શ્રી મયૂર ચાવડા, મ્યુનિસિપલ કમિશનર શ્રી ડાૅ. રતનકંવર ગઢવીચારણ, નાયબ વનસંરક્ષક અધિકારી, કલોલ અને ગાંધીનગર પ્રાંત અધિકારી, માણસાના લાયઝન અધિકારી તરીકે નિમાયેલ જિલ્લા પુરવઠા અધિકારી, દહેગામ લાયઝન અધિકારી તરીકે નિમાયેલ નાયબ જિલ્લા વિકાસ અધિકારી, કમાન્ડન્ટશ્રી, એન.ડી.આર.એફ., સિંચાઇ વિભાગના અધિક્ષક ઈજનેર, કાંસ વિભાગના કાર્યપાલક ઈજનેર, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, યુ.જી.વી.સી.એલ., ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, હોમગાર્ડ કમાન્ડન્ટ, એસ.ડી.આર.એફ., ટોરેન્ટ પાવર અને નાગરિક સંરક્ષણ અધિકારીશ્રીની કચેરીના અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

## સાઈ સંકુલ ખાતે નવું 'કોવિડ કેર સેન્ટર' બનાવવા નિર્ણય

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લામાં કોરોના વાયરસ મકકમતાથી તેના પગ જમાવતો જાય છે અને તબક્કાવાર કોરોના પોઝિટિવ કેસોમાં વધારો થતો જોવા મળી રહ્યો છે જેના પગલે વહીવટી તંત્ર પણ ચિંતામાં મુકાયું છે. હવે જયારે લોકડાઉન-૪માં નાગરિકોને ઘણી છુટછાટો આપવામાં આવી હોવાથી કોરોના પોઝિટિવ કેસોની સંખ્યામાં પણ હજુ વધારો થઈ શકે તેવી શકયતા જોવાઈ રહી છે. આ સ્થિતિને પહોંચી વળવા જિલ્લા કલેકટર દ્વારા સેકટર-૧૫ ખાતેના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા-સાઈ સંકુલને 'કોવિડ કેર સેન્ટર' જાહેર કરવામાં આવ્યું છે. જયાં આગામી સમયમાં કોરોના પોઝિટિવ દર્દીઓને રાખવાની જરૂર પડે તો ઉપયોગમાં લઈ શકાય.

## અડાલજ નર્મદા કેનાલમાંથી અજાણ્યા યુવાનનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર-સરખેજ માર્ગ પર અડાલજ નર્મદા કેનાલમાંથી અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. કેનાલમાં મૃતદેહ તરતો હોવાની માહિતી મળતા અડાલજ પોલીસ મથકના કર્મચારી તાત્કાલીક કેનાલ ખાતે પહોંચી ગયા હતા. કેનાલ ખાતે પહોંચીને પોલીસ જવાને મૃતદેહ કેનાલમાંથી બહાર કઢાવ્યો હતો અને ત્યારબાદ પીએમ અર્થે મોકલી આપ્યો હતો. જયારે મૃતક યુવાન અંદાજીત ૩૫ થી ૪૦ વર્ષિય હોવાનું લાગી રહ્યું છે. તો બીજીતરફ મૃતક યુવાનના હાથની આંગળી પર વિક્કી લખેલુ છે અને હાથમાં બ્રેસલેટ પહેરેલ છે. અડાલજ પોલીસે ફરીયાદ લઈ અજાણ્યા યુવાનના વાલી વારસોની શોધખોળ આદરી છે.








ગાંધીનગરમાં બજારમાં દુકાનો શરૂ થઈ જતાં જ ભીડનો માહોલ પણ જોવા મળી રહ્યો છે. શહેરના જુના સચિવાલય પાસેનું મીના બજાર પણ ધીમે ધીમે યથાવત સ્થિતિ પ્રાપ્ત કરી રહ્યું છે. જયાં ચાની કિટલીઓ અને પાનના ગલ્લાંથી માંડી બધા વેપાર શરૂ થઈ ગયા છે. શહેરના સેકટર-૨૧ના શાકમાર્કેટમાં પણ સારી એવી ઘરાકી જોવા મળી રહી છે. જો કે આ સ્થિતિમાં સોશ્યલ ડિસ્ટન્સિંગમાં કદાચ થોડું આઘાપાછી થઈ જતી જોવા મળે પરંતુ એકંદરે તમામ નાગરિકો માસ્કનો ઉપયોગ કરી રહ્યા છે તે આવકારદાયક બાબત ગણી શકાય.